આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મેષ

આજના ગ્રહોની કુંડળી



આજે રાત્રે બે વાગે ચંદ્ર મેષમાંથી વૃષભ રાશિમાં પ્રવેશે છે ● ચાંડાલ યોગ અને મીનારક ચાલુ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ શુભ ગ્રહોની યુતિ અને અશુભ ગ્રહોની યુતિને કારણે સારા - નરસા પ્રસંગોમાંથી પસાર થવું પડે - શક્ય તેટલી સાવધાની વર્તવી - મિશ્રફળ મળે.

વૃષભ સાતમા અને બારમા સ્થાનની યુતિઓ આપના માટે અશુભ ફળ આપનારી બની રહે છે માટે આખો દિવસ ભક્તિ - પૂજામાં સંયમથી વિતાવશો તો સારું.

મિથુન ૩-૬-૧૦-૧૧ સ્થાનોમાં બધા જ ગ્રહો આવી જાય છે જે મોટો રાજયોગ વિજયોગ - શુભયોગ ગણાય છે - તમારા પ્રયત્નોથી જેટલો લાભ લેવાય તેટલો સારો.

કર્ક પાંચમે સંતાન ભુવનમાં વક્રી શનિ - મંગળની યુતિ તમારા સંતાનોના અભ્યાસમાં વિક્ષેપ પાડી શકે છે - તેઓની એકાગ્રતામાં ભંગ પાડી શકે છે - સાવધ રહેવું.

સિંહ રાશિમાં ચાંડાલ યોગના કારણે જીવનસાથી સાથે વારંવાર ન જોઈતા શબ્દો ઉચ્ચારો પરિણામે નાની - મોટી ચડભડ થાય - સાચવવું - સાવધાનીથી દિવસ પસાર કરવો.

કન્યા સાતમે સૂર્ય તમારી તંદુરસ્તીને જોખમમાં મૂકે તેમ છે તેમાં વળી ઉચ્ચનો શુક્ર સાથ આપે છે તેથી કૌટુંબિક સુખ શાંતિ પણ ન જળવાય - સાવધાની રાખશો.

તુલા સાતમે ચંદ્ર - બુધની યુતિથી જીવનસાથી સાથે પ્રસન્ન દામ્પત્ય જળવી રહેશે. દિવસ ાનંદમાં જશે - ને તમારા કાર્યમાં સફળતા મળશે. દિવસ સારો જશે.

વૃશ્ચિક રાશિપતિ મંગળ તમારી રાશિમાં પ્રબળ થતો હોઈ હવે તમારી તંદુરસ્તી જળવાઈ રહેશે. તમોને વક્રી શનિની પનોતીની નડતી આડઅસરો ઓછી થશે - દિવસ સારો જશે.

ધન બારમે મંગળ તમારા ગુસ્સાને કાબૂમાં રાખવાની તમારી નબળાઈ છતી કરે છે. શનિની બારમે પનોતીની આડઅસરને કારણે તમારે સાવધાની વર્તવાની જરૂર છે.

મકર કૌટુંબિક અશાંતિથી તમો વ્યગ્ર થશો - તમારી અપેક્ષાઓ મુજબ કૌટુંબિક સભ્યો અને ખાસ કરીને સંતાનો પરિણામ નહીં આપે અને અપેક્ષા કરતાં ઊણાં ઉતરે.

કુંભ સાતમે ચાંડાલ યોગ તમોને વારંવાર ન કરવા જેવી બાબતો કરાવશે ને હેરાન કરશે. તમારી ઈચ્છાઓને વૃત્તિઓ ઉપર કાબૂ રાખશો તો સારું. સંયમથી વર્તશો.

મીન મીનારક કમૂરતાંને લીધે ઉચ્ચના શુક્રની સારી અસરો ઓછી થાય છે. કમૂરતાં પૂરાં થયાં બાદ તા. ૧૪મી પછી આપની તબિયત સારી થશે ને આનંદમય જીવન થઈ જશે.

પ્રાંતિજમાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

કોંગ્રેસ ધારાસભ્ય ચાલુ લોક સંવાદ સેતુમાં મંચ છોડીને ચાલ્યા ગયા : પોલીસ દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય સહિત ૧૩ની અટકાયત

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાનો લોક-સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકના પ્રજાજનો વણ ઉકેલ્યા પ્રશ્નોની રજુઆતો કરવામાં આવી હતી. જ્યારે અરજદારની ધરપકડના વિરોધમાં કોંગ્રેસ ધારાસભ્યએ ચાલુ કાર્યક્રમમાં મંચ છોડીને ચાલ્યા ગયા હતા.

પ્રાંતિજ ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય મંત્રી વન અને પર્યાવરણ મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, મમલતદાર એ.એ. ડોડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૧૦૯ જેટલા પ્રશ્નોની રજુઆત થઈ હતી જેમાં ૬૬ જેટલા પ્રશ્નોનું નિરાકરણ થયું હતું. જ્યારે ૪૨ પ્રશ્નો ટુંક સમયમાં નિવારણ આવશે તેવી ખાતરી આપી હતી. જ્યારે લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં કાર્યક્રમ ચાલુ થતા પહેલા ૬૯ નંબર તથા ૯૨ નંબરના પ્રશ્નના અરજદાર

મહેન્દ્રસિંહ ધારાસભ્યનું શું કહેવું છે

અરજદાર દ્વારા સરકાર વિરૂદ્ધ પ્રશ્નની રજૂઆત કરી હતી જેમાં લોક સંવાદ સેતુમાં અરજદાર દ્વારા પ્રશ્ન રજુ કરે તે પહેલા જ તેની ધરપકડ કરવામાં આવી છે. આ કયો ન્યાય, એક બાજુ સરકાર લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજે છે. અને બીજી બાજુ સરકારની પોલ ખોલતા પ્રશ્નો રજુઆત કરનારની ખોટી રીતે ધરપકડ કરવામાં આવી છે. આ તો સરકારની કેવી નિતી જેનો હુ સખત વિરોધ કરૂ છુ.

અનીલભાઈ પટેલ અને પાસના કન્વીનરની કાર્યક્રમ પહેલા ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસ ધારાસભ્ય દ્વારા ચાલુ કાર્યક્રમે રજુઆત કરી અરજદારને પ્રશ્ન પુછવા માટે મુક્ત કરવા રજુઆત કરી હતી અથવા પ્રશ્ન લેવા રજુઆત કરી હતી. જ્યારે સીધો ૭૦ નંબરનો પ્રશ્ન લેવામાં આવતા કોંગ્રેસ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ચાલુ કાર્યક્રમમાં મંચ છોડી નીકળી ગયા હતા અને કાર્યક્રમનો બહિષ્કાર સહિત સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે પોલીસ દ્વારા પ્રાંતિજ કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લાપંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ, કોંગ્રેસ પ્રદેશ મહિલા મહામંત્રી રેખાબેન સહિત કુલ ૧૩ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

અંબાજી વિકાસ મંચ દ્વારા અંબાજીના વિવિધ પ્રશ્નોને લઈ ધરણા યોજયા

અંબાજી, તા. ૮

યાત્રાધામ અંબાજી ખાતે અંબાજીનાં વિવિધ પ્રશ્નોને લઈ પ્રસ્થાપીથ થયેલાં અંબાજી વિકાસ મંચ દ્વારા આજે પ્રતીક ઉપવાસ સાથે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. અંબાજી વિકાસ મંચ દ્વારા ધરણાં પ્રારંભે પોસ્ટરો સાથેની રેલી યોજી ખોડીયાર માતાનાં ચોકમાં ધરણાં ઉપર બેઠા હતાં. અંબાજી વિકાસ મંચ દ્વારા અંબાજી ગ્રામ પંચાયત અને મંદિર ટ્રસ્ટનાં કથીત ભ્રષ્ટાચારનાં મામલે અગાઉ આવેદનપત્ર આપી ધરણાંની ચિમકી ઉચ્ચારી હતી. જેમાં કેટલાંક પ્રશ્નોનો નિકાલ ન આવતાં આજે ફરી ધરણાં યોજી અંબાજીનાં કોટેજ હોસ્પીટલ, મંદિરની ચોરી, મંદિરનો પાછલો દરવાજો તેમજ ગ્રામ પંચાયતમાં થયેલાં ભ્રષ્ટાચાર અંગે તપાસ સાથે પ્રશ્નોનો નિકાલ લાવવાં માંગ કરાઈ છે. અને જો તે

પ્રશ્નોનો નિકાલ નહીં આવે તો અંબાજી વિકાસ મંચનાં કન્વીનર રામાઅવતાર અગ્રવાલે જણાવ્યુ હતુ કે આ પ્રશ્નોનો આગામી સમયમાં પ્રશ્નોને લગતાં અધીકારીઓનાં તેમજ નેતાઓનાં પુતળાંદહનનો કાર્યક્રમ આપવામાં આવશે. આ બાબતનું એક આવેદનપત્ર મંદિરનાં વહીવટદાર જી. પી. બ્રહ્મભટ્ટને અર્પણ કરાયો હતો. ધરણાં કાર્યક્રમ સાંજના ૬.૦૦ કલાકે પુર્ણ કરાયો હતો ને આગામી સમયમાં વિવિધ માંગણીઓને લઈ ઉગ્ર આંદોલન માટેની જાહેરાત વિકાસ મંચ દ્વારા કરાઈ હતી.

ધાનેરામાં અકસ્માતોની હારમાળા

એક કલાકમાં ત્રણ જગ્યા પર અકસ્માત

ધાનેરા, તા. ૮

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા વિસ્તારમાં આજે અકસ્માતોની હારમાળા જોવા મળી હતી. જેમાં એક કલાક જુદી-જુદી ત્રણ જગ્યા પર અકસ્માતના બનાવો બનતા ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થતા ઘાયલોને સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ધાનેરા વિસ્તાર આજે અકસ્માતોની હારમાળા જોવા મળી હતી જેમાં પહેલા તો ધાનેરાના સરાલ પાટિયા પાસે બાઈક સ્લીપ ખાતા બાઈક સવાર શ્રવણભાઈ બાબુભાઈ લુહાર ઉ.વ.૨૦ રહે રાજેસ્થાન વાળાના ગંભીર ઈજા થવા પામી હતી ત્યાર બાદ ધાનેરા ધાખા પાટિયા પાસે પારખાજી માજીરાણા નામનો યુવક ગાડીમાંથી ઉતારી રહ્યો હતો તે સમયે પાછળથી આવતા બાઈકે અડફેટે લેતા તેને પણ ગંભીર ઈજા થવા પામી હતી તો બીજી તરફ ધાનેરા તાલુકાના વોડા ગામ પાસે જીપ ચાલકે આધેડને અડફેટે લેતા રામાભાઈ જીવાભાઈ લુહાર ઉ. વ. ૪૦ ને ગંભીર ઈજા થવા પામી હતી તમામ ઘાયલોને સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા. તમામાં ઘાયલોને ૧૦૮ દ્વારા ઈમરજન્સી સારવાર મળી જતા તમામના જીવ બચી જવા પામ્યા હતા. તો બીજી તરફ તમામ ઘાયલોના જીવ બચાવનાર ૧૦૮ પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભરતભાઈ પટેલની ઈમરજન્સી કામગીરીને લોકોએ બિરદાવી હતી.

પાલનપુરમાં સાડાદસ લાખના સ્ટેમ્પ ડ્યુટી કૌભાંડમાં બિલ્ડર સામે ફરિયાદ

પાલનપુર, તા. ૮

પાલનપુરના એક બિલ્ડરે વેચાણ દસ્તાવેજોમાં જમીનના ક્ષેત્રફળની સાચી હકીકતો છુપાવીને ખોટી હકીકતો અને ક્ષેત્રફળ લખી વેચાણ દસ્તાવેજો રજિસ્ટર કરાવ્યા હતા. જેમાં દસ્તાવેજમાં પાના બદલીને રૂા. ૧૦.૫૨ લાખની સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરી હોવાનું તંત્રને ધ્યાને આવતાં બિલ્ડર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેના પગલે શહેરની બિલ્ડર લોબીમાં હલચલ મચી ગઈ છે.

પાલનપુરમાં કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા કનુભાઈ વૈદ્યએ સ્ટેમ્પ ડ્યુટીની ચોરીનો આબાદ કિમીયો શોધી કાઢ્યો છે. જેમાં પાલનપુરના અલગ-અલગ સરવે નંબરોમાં બીનખેતી બાદ લે-આઉટ પ્લાન મંજુર કરાયો હતો. જેમાં આર્થિક ફાયદો મેળવવા માટે વેચાણ રાખેલા પ્લોટોનું ક્ષેત્રફળ ઓછું દર્શાવી દસ્તાવેજ રજિસ્ટર કરાવી દીધા હતા. બાદમાં તેની ઈ-ધરામાં નોંધ પડાવતા પહેલાં દર્શાવેલા ક્ષેત્રફળના દસ્તાવેજનું પાનું બદલી નાંખવામાં આવતું હતું. અને વધુ ક્ષેત્રફળ દર્શાવી નોંધ પડાવી દેવાતી હતી. આજ રીતે મંજુર થયેલા લે-આઉટ પ્લાન કરતાં ઓછું ક્ષેત્રફળ દર્શાવીને રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ રજિસ્ટર કરાતો હતો. તેમાં પણ વાસ્તવિક લે-આઉટપ્લાન કરતાં ઓછું ક્ષેત્રફળ દર્શાવ્યું હતું. પ્રકારના પાંચ કિસ્સાઓ સ્ટેમ્પ ડ્યુટી કલેકટર આર.આઈ. શેખને ધ્યાને આવ્યા હતા. જેમાં તપાસ હાથ ધરાતાં રૂ. ૧૦.૫૨ લાખની સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરાઈ હોવાનું માલુમ પડ્યું હતું.

જેના પગલે 'પાલનપુરના સબરજિસ્ટ્રાર એન.ડી. સુવાતરે બિલ્ડર કનુભાઈ અમૃતલાલ વૈદ્ય (રહે. પાલનપુર) સામે સ્ટેમ્પ ડ્યુટીનું કુલ રૂ. ૧૦,૫૨,૧૫૯નું કૌભાંડ કરીને ખોટા દસ્તાવેજ બનાવીને સાચા તરીકે ઉપયોગ કરવા બદલ પશ્ચિમ પોલીસમ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પાંચ કિસ્સામાં અલગ-અલગ સરવે નંબરના પ્લોટના કુલ ક્ષેત્રફળના દસ્તાવેજના પાના બદલી ઈ-ધરામાં નોંધ પડાવવા માટે કરેલ ક્ષેત્રફળ વધુ દર્શાવી રેકર્ડ સાથે ચેડાં કર્યા હતા. બિલ્ડરે આયોજનબદ્ધ રીતે લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટીન ચોરી કરીને સરકારને પાંચેય કિસ્સામાં કુલ મળીને રૂ. ૧૦,૫૨,૧૫૯ નો ચૂનો લગાવ્યો છે. જેમની સામે ઈપીકો કલમ ૪૭૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭૪૩૮ અને ૪૭૧ મુજબ ગુનો નોંધાયો છે.

હાંસલપુરના રહીશ સાથે લોન અપાવવાના બહાને ઠગાઈ

હિંમતનગર, તા. ૮

હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામના રહીશ સાથે ઓછા વ્યાજે લોન અપાવવાના બહાને સવા મહિના અગાઉ ડોકયુમેન્ટસની નકલો સાથે ૪૫૦૦ની રોકડ મત્તા લઈ લીંબ અને હિંમતનગર સહિતના ત્રણ શખ્સોએ ઠગાઈ સાથે વિશ્વાસઘાત કરતા મામલો પોલીસ સમક્ષ પહોંચ્યો છે. એક માસનો સમય વિત્યા બાદ પણ લોન ન કરી આપતા હાંસલપુરના રહીશે ત્રણ શખ્સ વિરૂધ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બુધવારે મામલો દર્જ કરાવ્યો હતો.

વિશ્વાસઘાત અને છેતરપિંડીના મામલા અંગે પ્રાપ્ત વિગત અનુસાર હાંસલપુરમાં રહેતા પ્રવિણગીરી શિવગીરી ગોસ્વામીને ગત ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ ઓછા વ્યાજે લોન અપાવવાનું કહી બાયડ તાલુકાના લીંબના મુન્નો ઉર્ફે દેવેન્દ્ર કેશવ સાધુએ ડોકયુમેન્ટસની નકલો સાથે ૩ હજાર લીધા હતા. ત્યારબાદ હિંમતનગરના જલારામ મંદિર રોડ પર આવેલા ફલેટમાં રહેતા રાજુ વસ્તાભાઈ ભરવાડની સાહેબ તરીકે ઓળખાણ આપી ત્રીજા અન્ય શખ્સને ૧૫૦૦ આપવાનું કહેતા પ્રવિણગીરીએ આ રકમ પણ આપી હતી.

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં પેટ્રોલપંપ પર ઓછુ પેટ્રોલ અપાતા તોલમાપ વિભાગની કાર્યવાહી

હિંમતનગર, તા. ૮

પેટ્રોલપંપ પર ડીઝલ અને પેટ્રોલ પુરાવ્યા પછી આ ઈંધણ ઓછુ મળતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા છતાં તંત્ર દ્વારા એકલદોકલ પેટ્રોલપંપના માલિકો વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરાય છે. બુધવારે જિલ્લા તોલમાપ વિભાગના અધિકારીઓએ હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલા પેટ્રોલપંપ પર તપાસના મામલે માત્ર બે નોઝલ સીલ કરી દંડનીય કાર્યવાહી કરતા પેટ્રોલ-ડીઝલ પુરાવા માટે આવતા ગ્રાહકોમાં અનેક શંકાકુશંકાઓ ઉભી થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં આવેલ ૩૫થી વધુ પેટ્રોલપંપ પરના મશીનોમાં છેડછાડ કરી ગ્રાહકોને ઓછુ પેટ્રોલ અને ડીઝલ આપી ગ્રાહકો સાથે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હતી. જે અંગેની ફરિયાદો પણ જિલ્લા પુરવઠા તંત્ર તથા તોલમાપ વિભાગના અધિકારીઓ સમક્ષ કરવામાં આવતી હોય છે. જે અંતર્ગત મળેલી ફરિયાદના આધારે ગુરૂવારે તોલમાપ વિભાગના અધિકારી નિનામાની દેખરેખ હેઠળ તોલમાપ વિભાગના કર્મચારીઓની ટીમ દ્વારા શહેરના સહકારીજીન વિસ્તારમાં આવેલા એન. કે.પેટ્રોલીયમ નામના પેટ્રોલપંપ પર તપાસ હાથ ધરી હતી અને ગ્રાહકો જે નોઝલમાંથી પેટ્રોલ-ડીઝલ પુરાવતા હતા તે તમામ નોઝલોની તપાસ કરી હતી.

હવે મારી બેટીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટકાવ્યા... અમે આમ ન કર્યુ હોત તો ગુજરાત બીજુ કાશ્મીર બની જાત... ગુજરાતને હજુ પણ કાશ્મીર બનતા અટકાવવુ જોઈશે... આજથી હું ગુજરાતના જાહેર જીવનમાં પ્રવેશ કરી ચુકયો છુ... રાજ્યના કોઈપણ છેવાડાના ગામની સમસ્યા આજથી મારી સમસ્યા છે... વિકાસનું જન આંદોલન કરવાની ફરજ પડી છે... તેમ કહી આજથી તેમની નવી ઈનીંગ શરૂ કરવાનું એલાન કરી ડી.જી. વણઝારાએ રાજકારણમાં પ્રવેશવાના સંકેત આપી દીધા છે..!

વતન વાપસી કરનાર પૂર્વ ડીઆઈજી ડી.જી. વણઝારાએ ગાંધીનગર ટાઉનહોલમાં સંબોધન કરતાં તેમના વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. ટાઉનહોલ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં વિવિધ સમાજના આગેવાનો દ્વારા ડી.જી. વણઝારાનું પાઘડી પહેરાવી, તલવાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ખાતે યોજાયેલા સન્માન કાર્યક્રમમાં સંબોધતા ડી.જી. વણઝારાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી મે બહુ ફિલ્ડીંગ ભરી છે, હવે મારી બીજી ઈનીંગની શરૂઆત આજથી થઈ છે અને બેટ મારા હાથમાં છે હવે હુ બેટીંગ કરીશ અને દોડાવીશ.

આ દેશને ગુનાખોરીથી બચાવી શકાય, આતંકવાદથી બચાવી શકાય, પરંતુ આ દેશના દેશ દ્રોહી રાજકારણીઓથી બચાવવો જરૂરી છે. એમ જણાવીને તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે દેશદ્રોહી રાજકારણીઓએ કપટ કરીને ખોટા કેસો ઉભા કર્યા. પોતાના અંગત રાજકીય હીતો માટે દેશની સલામતી સાથે ખીલવાડ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે હું નિવૃત્ત થયો છુ પણ થાક્યો નથી. વિકાસના જનઆંદોલનની જરૂરી વાત છે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે આજથી હુ જાહેર જીવનમાં પ્રવેશ્યો છુ અને રાજ્યના દરેક વિસ્તારની સમસ્યા એ મારી સમસ્યા હશે. અને એના ઉકેલ માટે હુ ૨૫ કલાક ગુજરાતની સેવા માટે મારી જાતને આજથી સમર્પીત કરૂ છુ એમ કહીને રાજકારણમાં પ્રવેશના સ્પષ્ટ સંકેત આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હું મોટી કસોટીમાંથી બહાર આવ્યો છુ. ગુજરાત પોલીસ પણ મોટી કસોટીમાંથી બહાર આવ્યું છે. આજે આ દેશમાં દેશદ્રોહીઓની વસંત ખીલી છે. આ કાર્યક્રમમાં રાજ્યના એડી.ડી.જી.પી. પી.પી. પાંડે પણ ઉપસ્થિત રહી વણઝારાને પુષ્પગુચ્છ આપી આશીર્વાદ આપ્યા હતા અને વણઝારાને 'રાજર્ષી'ની ઉપાધી આપી હતી.

આર્થિક ફટકો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યો હતો. જયારે આ રેલી આગળ વધીને ચિલોડા ગામમાં પહોંચી હતી. જયાં એકસાઈઝ ડયુટી હટાવોની ટોપી ધારણ કરીને વેપારીઓએ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે ચિલોડાથી ગિયોડ મંદિર રેલી પહોંચ્યા બાદ પરત ચિલોડા આવી હતી. જયાં વેપારીઓની જાહેરસભા યોજવામાં આવી હતી. જવેલર્સ એસોસિએશનના અલ્પેશ સોની, મેહુલ મહેતા, ચંન્દ્રકાન્ત સોની, લક્ષ્મણ સોની, તેમજ મુન્નાભાઈ અમીને એકસાઈઝ ડયુટીનો વિરોધ કરતા જણાંવ્યુ હતુ કે એકસાઈઝ ડયુટીના લાગુ થતા જવેલર્સને નુકશાન થઈ રહયુ છે. જયારે અધિકારીઓ પણ વિવિધ માંગણી કરીને જવેલર્સના વેપારીઓ માટે શિરદર્દ સમાન બન્યા છે. પાનકાર્ડનો નિયમ અમલી બનાવાયો છે. પરંતુ ૬૦ ટકા ગ્રાહકો પાસે પાનકાર્ડ હોતુ નથી. જેના લીધે પણ વેપારીઓએ નુકશાન વેઠવાનો વારો આવે છે. ગ્રાહકોને ઝડપી સેવા પુરી પાડવામાં પણ અડચણ ઉભી થઈ છે. આજે યોજાયેલી આ રેલીમાં જિલ્લામાંથી ૬૦૦ જેટલા વેપારીઓ જાડાયા હતા.

ખેડબ્રહ્માની સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ કરાયું

ખેડબ્રહ્માની એક સગીરાનું વાનમાં અપહરણ કરી લઈ જતા સગીરાના પિતા જોઈ જતાં તથા વાનમાં બેઠેલ ઈસમોને ઓળખી જતા તેમના ઘેર જઈ સગીરાને પાછી સોંપવાની માગણી કરતા અપહરણકર્તા ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવા સંદર્ભે ચાર ઈસમો વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્માના રહીશ જસીબેન નારાયણભાઈ વાલ્મિકી સિવિલ હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે કામ કરે છે તથા તેમના પતિ નારાયણભાઈ રીક્ષા ચાલક છે, તેમને બે પુત્ર અને એક પુત્રી પાયલ એમ ત્રણ સંતાન છે. ગત તા. ૧૯ માર્ચે નારાયણભાઈ ૧૧.૩૦ વાગ્યાના સુમારે રીક્ષા સાથે લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસ ઉભા હતા. દરમિયાન ઈકો વાન નંબર જીજે.૦૯.બીએ. ૯૧૫૫ ત્યાંથી પસાર થઈ હતી. જેમાં નારાયણભાઈ વાલ્મિકીની પુત્રી પાયલ બેઠેલી હતી અને ગાડીના ચાલક નારાયણભાઈ વાલ્મિકી અને બીજા ત્રણ વ્યકિતઓ ડાહ્યાભાઈ ઉગરાભાઈ વાલ્મિકી તેમના બે પુત્ર કમલેશ-અજય બેઠેલા હતા. નારાયણભાઈએ ઈકો ગાડીનો પીછો કર્યો હતો પણ વડાલી રેલ્વે ફાટક પાસે રીક્ષામાં પંકચર પડતા ઈકો ગાડી વડાલી બાજુ નીકળી ગઈ હતી. નારાયણભાઈ વાલ્મિકીએ તેમની પત્નિ જસીબેનને ફોન કર્યો હતો અને રીક્ષાનું પંકચર કઢાવી સાબલી ગામે ડાહ્યાભાઈને ઘરે ગયા હતા.

પ્રમુખો નિમાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે કે, સંઘ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે જોરદાર આધાર તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વર્ષ ૨૦૦૨માં શહેર પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે કેશવ પ્રસાદે રાજકીય કેરિયર શરૂ કરી હતી તે વખતે બસપ ઉમેદવાર રાજુપાલને હાર આપી હતી. ૨૦૧૨માં શિરાથુ વિધાનસભાથી જીત મેળવી હતી. આ બેઠક પ્રથમ વખત ભાજપ પાસે આવી હતી. બે વર્ષ સુધી ધારાસભ્ય રહ્યા બાદ કેશવ પ્રસાદે ફુલપુર બેઠક પરથી પ્રથમ વખત ભાજપ માટે જીત મેળવી હતી. બીજી બાજુ કેન્દ્રીય રાજ્યમંત્રી અને પંજાબના હોશિયારપુરમાંથી સાંસદ વિજય સાંપલાને પંજાબ ભાજપના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. સાંપલા દલિત સમુદાય સાથે જોડાયેલા છે. ભાજપે પંજાબમાં ૨૦૧૭માં યોજાનાર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને આ જવાબદારી તેમને સોંપી છે.

સ્થાપના દિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી અને લાંબી સમજાવટને અંતે બન્ને ધારાસભ્યો આ કાર્યક્રમ પડતો મુકવા સંમત થયા હોવાનું જાણવા મળે છે. અન્ને ઉલ્લેખનીય છે કે, આ બન્ને ધારાસભ્ય હાડકેશ્વર પાણી યોજનામાં થઈ રહેલા ભારે વિલંબ બદલ ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે તેમની રજુઆત મુજબ મોરવા હડફ પાણી પુરવઠા યોજના પાછળ રૂ. ૧૩૭ કરોડ ખર્ચાયા હતા અને તે એક જ વર્ષમાં કાર્યાન્વિત થઈ ગઈ છે ધોળી ધજા પાણી પુરવઠા યોજના માત્ર ૪૫ દિવસમાં કાર્યાન્વિત થઈ ગઈ હોય તો છોટા ઉદેપુર વિસ્તારને આવરી લેતી હાફેશ્વર પાણી સપ્લાયની યોજનામાં છેલ્લાં સાત વર્ષથી શા માટે વિલંબ થઈ રહ્યો છે. આ પાણી પુરવઠાની યોજના સમયસર પુરી થવી જ જોઈએ અને તેનાથી ૧૮૦ ગામડાઓની પાણીની સમસ્યા પણ હલ થઈ શકશે. આદિજાતી વિસ્તારો માટે હજુ રૂ. ૧૪.૫૨ કરોડની રકમ પણ ખર્ચાઈ નથી. આ સમગ્ર વિસ્તાર માટે ૧૩૩ જેટલી પાણી પુરવડાની લઘુ યોજનાઓ રજુ પૂર્ણ થઈ નથી.

આઈપીએલ-૯

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ ખેલાડીએ ટ્વેન્ટી-૨૦ કપમાં છેલ્લી ઓવરમાં ચાર છગ્ગા લગાવ્યા હતા. કેકેઆરના કેપ્ટન ગૌતમ ગંભીર પર દબાણ રહેશે. સનરાઈજર્સમાં ડેવિડ વોર્નર અને આશીશ નહેરા જેવા ખેલાડી રહેશે. તમામ ટીમો જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. આઈપીએલ-૯માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. ટ્વેન્ટી-૨૦ કપની પૂર્ણાહુતિ થયા બાદ હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત નવમી એપ્રિલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૯માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે.

અટકાયત કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મેડિકલ કોલેજમાં હોમિયોપેથિકનો અભ્યાસ કરી ડીએચએમએસની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તે રાજસ્થાનના બાંસવાડામાં ગયો હતો અને બાંસવાડા જિલ્લાના પ્રાતપપુર ગામમાં એક મકાન ભાડે રાખી દવાખાનું શરૂ કર્યુ હતું. આસારામના સત્સગના કાર્યક્રમમાં પણ તે જતો હતો અને તે આસારામથી ભારે પ્રભાવિત થયો હતો ત્યાર બાદ અમદાવાદ ખાતે દર વર્ષે ગુરુપૂર્ણિમાના દિવસે પરિવાર સાથે મોટેરા આશ્રમમાં આવતો હતો. ત્યાં દિક્ષા પણ મેળવી હતી. ૧૯૯૧-૨૦૦૩ના ગાળા દરમિયાન તે ક્લિનિક ચલાવવાની સાથે સાથે બાંસવાડાના આશ્રમ સાંગવાડાની યોગવેદાંત સેવા સમિતિમાં જોડાઈન આસારામની સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયો હતો. આસારામની પરવાનગીથી અમદાવાદ સાબરમતી આશ્રમમાં ૨૦૦૩થી આવી ગયો હતો અને આસારામ આશ્રમમાં સેવાઓ કરતો હતો. આ ગાળા દરમિયાન જ ગુરુકુળના બે વિદ્યાર્થી દિપેશ અને અભિષેકના અપમૃત્યુ થયા હતા જેના વિરુદ્ધ આસારામ પર આક્ષેપોનો દોર શરૂ થયો હતો જેથી ગુજરાત સરકારે આ મામલે ડીકે ત્રિવેદી પંચની રચના કરી હતી. આ મામલામાં લીગલ સેલની જવાબદારી તે સંભાળી રહ્યો હતો. એજ વેળા જ રાજુ ચાંડકના સંપર્કમાં આવ્યો હતો. રાજુ ચાંડક પણ એક સમયે આશ્રમમાં જ કામ કરતો હતો પરંતુ રાજુ ચાંડકે મોડેથી આશારામ સામે દુષ્કર્મનો આરોપ કરવા સ્ટિંગ ઓપરેશન હાથ ધર્યુ હતુ. ઓપરેશનની સીડી મિડિયામાં રજૂ કરાઈ હતી. ડીકે ત્રિવેદી સમક્ષ પણ રજૂ કરાઈ હતી. રાજુ ચાંડકે આસારામ સામે જોરદાર ઝુંબેશ છેડી દીધા બાદ આસારામે મારી નાંખવાનું કાવતરુ ઘડી કાઢ્યું હતું. જરૂરી નાણાંકીય મદદ પુરી પાડવાની પણ વાત કરી હતી. કેડી પટેલે મોડેથી રાજુ ચાંડકનું કામ પુરુ કરી આપવા ગુરુદક્ષિણા રુપે બાપુને ભેંટ આપવાનું નક્કી કર્યું હતું. આ કામ કરવા માટે કાર્તિકને હથિયાર અને મોટર સાયકલ ખરીદવા નાણાંકીય મદદ આપવામાં આવી હતી અને કાર્તિકને રાજુ ચાંડકને મારી નાંખવાની જવાબદારી સોંપાઈ હતી. કાર્તિકે મોડેથી આસારામના અન્ય એક સાધકની મદદથી સાબરમતી વિસ્તારમાં રાજુ ચાંડક પર ગોળીબાર કર્યો હતો. તેની સામે અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે. આરોપી રાજકોટ શહેરમાં અમૃત પ્રજાપતિ હત્યા કેસમાં પણ સામેલ છે. આસારામ વિરુદ્ધના કેસોને દબાવી દેવા, લોભ લાલચ આપવા, ધાકધમકીની મોડેસ ઓપરેન્ડી તે ધરાવે છે.

જાહેર નિવિદા

આ કચેરી દ્વારા વર્ષ-૨૦૧૬-૧૭ દરમિયાન યોજનાર તાલીમ વર્ગોમાં આવનાર તાલીમાર્થીઓ માટે તૈયાર નાસ્તો તથા ભોજન સ્થળ ઉપર પુરું પાડવા, ઝેરોક્ષની કામગીરી તથા કચેરીની રોજબરોજની સરકારી કામગીરીમાં ઉપયોગાર્થે ભાડે વાહન મેળવવા માટે વાર્ષિક ઈજારો આપવા સરકારશ્રીના ખરીદીના પ્રવર્તમાન નિયમોને આધિન રસ ધરાવતા માન્ય સ્થાનિક વેપારી / કોન્ટ્રાક્ટર પાસેથી નિયત નમુનાના ટેન્ડરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ અત્રેથી તા. ૧૨/૪/૨૦૧૬થી તા. ૨૨/૪/૨૦૧૬ના રોજ કચેરી સમય દરમિયાન કામકાજના ચાલુ દિવસોમાં મળી રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ આર.પી.એ.ડી.થી તા. ૨૮/૪/૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે.

સહી/-
પ્રિન્સીપાલ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ગાંધીનગર

માહિતી/૬૪/૨૦૧૬-૧૭